# શહેરમાંથી ૭.૪૭ લાખના એમડી ડ્રગ્સ સાથે યુવકની ધરપકડ

## એસઓજી પોલીસે યુવક પાસેથી એમડી ડ્રગ્સની ૧૫૧ ટેબ્લેટ, મોબાઈલ ફોન અને ગાડી મળી કુલ ૧૦,૫૫,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો


ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના યુવાનને ગ-0 થી ઘ-0 વચ્ચે એમડી ડ્રગ્સ સાથે એસઓજી પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ.૭.૪૭.૫૦૦ ની કિંમતની અને ૭૪.૭૫૦ ગ્રામ વજનની ૧૫૧ ટેબ્લેટ ડ્રગ્સની કબ્જે કરી છે. પોલીસે રૂ.૮ હજારના બે મોબાઈલ ફોન અને રૂ.૩ લાખની નીશાન કંપનીની કાર સહિત રૂ. ૧૦,૫૫,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ડ્રગ્સ સાથે ઝડપાયેલ અને આપનાર બંન્ને યુવકો સામે નોર્કોટીક્સ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





શહેરનું યુવાધન નશાખોરીની લતે ચઢયું હોવાની ફરીયાદો સાંભળવા મળતા રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સીધી સુચનાથી એસઓજી પીઆઈ ડી.બી.વાળા એ આ દિશામાં કામગીરી શરુ કરી હતી. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રવિવારના રોજ રાત્રીના સુમારે એસઓજીના કોન્સ્ટેબલ જયદિપસિંહને ડ્રગ્સની હેરાફેરી અંગે ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી પોલીસે ગ-0 થી ઘ-0 વચ્ચેના સર્વિસ માર્ગ પરથી કારનં. જી.જે.૧૮.બી.ડી.-૯૦૯૬ને પકડી પાડી હતી. પોલીસને કારમાંથી સેકટર-૨ સી પ્લોટ નં.૯૫૧-૨ ખાતે રહેતો રૂષિક પિયુષકુમાર દવે મળી આવ્યો હતો. પોલીસે તપાસ કરતા યુવકના ખિસ્સામાંથી કોથળીમાં ભરેલી ડ્રગ્સની ગોળીઓ મળી આવી હતી. પોલીસે આ અંગે પુછતા યુવકે મોટેરાના નિહાલ સાલ્વી નામના શખ્સે અઠવાડીયા પહેલા તેને આપી હોવાનું ધ્યાને આવ્યું છે. એમડીએમએ ડ્રગ્સના એક ગ્રામના ૧૦ હજાર લેખે ૧૫૧ ટેબ્લેટની કિં.૭,૪૭,૫૦૦



રૂપીયા થવા પામે છે. પોલીસે એમડી ડ્રગ્સ, બે મોબાઈલ અને કાર મળી કુલ રૂ.૧૦,૫૫,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એસઓજી પોલીસે એમડી ડ્રગ્સ સાથે ઝડપાયેલા યુવક અને તેને આપનાર મોટેરાના યુવક સામે પણ સે-૭ પોલીસ મથકે નોર્કોટીકસ હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસે કોર્ટમાં રજુ કરતા આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર થયા છે. જયારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ યુવક પહેલીવાર જ ડ્રગ્સ લાવ્યો હોવાનું જણાવ્યું છે.જયારે ડ્રગ્સ કયાંથી લાવવામાં આવ્યું હતું તે મોટેરાનો નિહાલ સાલ્વી ઝડપાય ત્યારબાદ જ બહાર આવી શકે છે.







જયાં ત્યાં થઈ ગયેલા દબાણો દૂર કરવાની ઝુંબેશ મહાનગરપાલિકાએ શરૂ કરી છે. કોરોનાકાળમાં લોકો પાસે ધંધા રોજગાર નથી ત્યારે નાની મોટી ફેરી ફરીને કે લારી ગલ્લા દ્વારા રોજગારી મેળવવા નાના વેપારીઓ સંઘર્ષ કરી રહ્યા છે. આવા કપરાકાળમાં જ મનપાને લારી ગલ્લાના દબાણો દૂર કરવાનું યાદ આવતા નાના ધંધા રોજગારવાળાઓના માથે પડયા પર પાટુની સ્થિતિ સર્જાઈ છે.

## ખૂણેખાંચરેથી

- આજે સોમવાર એ જાહેર જનતા માટેનો મુલાકાતનો દિવસ હોવા છતાં જિલ્લાતંત્રના અધિકારીઓ સતત મિટીંગોમાં વ્યસ્ત રહ્યા હતા.
- કેન્દ્રીય આરોગ્ય મંત્રી હર્ષવર્ધને આજે દેશના તમામ ડી.ડી.ઓ., કલેક્ટરો અને મ્યુનિ. કમિશનરો સાથે કોવિડ-૧૯ ને લઈ વિડીયો કોન્ફરન્સ કરી હતી.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાને આજે તાલુકા વિકાસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.
- નાણાં વિભાગમાં આજે ૧૦૦ જેટલા એન્ટીજન ટેસ્ટ કરાયા હતા જેમાંથી ૭ પોઝીટીવ કેસ મળી આવ્યા હતા.
- જિલ્લામાં મગફળીના પાકની ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજનને લઈ આજે જિલ્લા કલેક્ટરે બેઠક કરી હતી. આજે આ ટેકાના ભાવથી વેચાણ આપવા માટેના રજીસ્ટ્રેશનનો અંતિમ દિવસ છે.
- જિલ્લામાં પાંચ હજારથી વધુ ખેડૂતોએ મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે આજ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

# આજે જૈનાચાર્ય પૂજ્ય નરરત્ન સુરિશ્વરજીનો ૫૧માં વર્ષમાં પ્રવેશ

### આચાર્યએ ગાંધીનગરનાં આંગણે પ્રથમવાર ઉપધાન તપ કરાવ્યાં હતા

ગાંધીનગર તા. ૧૯

ગાંધીનગરનાં આંગણે પ્રથમવાર ઉપધાન તપ કરાવનાર તથા ગ્રામોદ્ધારક જૈન આચાર્ય પૂ. નરરત્ન સુરિશ્વરજી મ.સા. આસો સુદ-૪, મંગળવાર તા.૨૦મી ઓક્ટોબરના રોજ તેમના જીવનના ૫૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. દેશમાં ગામોગામ વિશિષ્ટ રીતે, ઉત્સાહપૂર્વક અનેકવિધ સામાજિક અને ધાર્મિક કાર્યો થકી આ દિવસ મનાવાઈ રહ્યો છે. ગાંધીનગરના જૈન સંઘમાં તેઓનું ભવ્ય ચાતુર્માસ અને ઉપધાન થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આચાર્યના જીવનના આ શુભ દિવસે ગુરુભક્તો તરફથી, સમગ્ર સંઘના સભ્યો ગુરુ પ્રત્યે આદર ભાવ અને દીર્ઘાયુની પ્રાર્થનાના પ્રતિક રૂપે ઘેર રહીને, એક આયંબિલ, ત્રણ સામયિક, પંદર નવકારવાળીનો જાપ કરશે. સેક્ટર-૨૨ના જિનાલયમાં પ્રભુજીની સુંદર અંગ રચના થશે.



તેઓ હાલ ગદગ- કર્ણાટક ખાતે છે. અને તેઓના ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક તામિલનાડુ ના અનુયાયુઓ દ્વારા આચાર્યના ૫૧મા જન્મદિન પ્રસંગે અનેક વિધ ધાર્મિક કાર્યક્રમો ઉપરોક્ત રાજ્યોમાં સંપૂર્ણ સરકારની ગાઈડલાઈન પ્રમાણે યોજાશે.

# સેક્ટર-૩-ન્યુમાં બિસ્માર પડેલા સરકારી દવાખાનામાં આયુર્વેદિક ઓપીડી શરૂ કરવા માંગ

ગાંધીનગર, તા. ૧૯

એક તરફ શહેરમાં કોરોના મહામારીનો પ્રકોપ ઘટવાનુ નામ નથી લેતો બીજી તરફ શહેરમાં આરોગ્ય વિષયક સેવાઓની વાત કરીએ તો કેટલાંક સરકારી દવાખાના બંધ હાલતમાં ખંડેર થઈ રહ્યાં છે. શહેરના સેક્ટર-૩-ન્યુ ખાતે સરકારી દવાખાનુ લાંબા સમયથી બંધ કરી દેવામાં આવ્યું છે. જેના મકાન અને કમ્પાઉન્ડ વૉલની સ્થિતિ દિન પ્રતિદિન બિસ્માર થતી જઈ રહી છે. સેક્ટરવાસીઓ દ્વારા અવારનવાર આ દવાખાનાને પુનઃ કાર્યાન્વિત કરવા રજૂઆતો કરવામાં આવતી હોવા છતાં આ બાબતે આરોગ્ય તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવતાં નથી અને વસાહતીઓને નાની-મોટી સારવાર માટે અન્ય ખાનગી તબીબોના શરણે જવુ પડી રહ્યુ છે જેના કારણે આર્થિક બોજો સહેવાનો વારો પણ આવી રહ્યો છે.

સેક્ટર-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા આ સરકારી દવાખાનાની બિસ્માર હાલત અંગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્ર અને પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટ વિભાગને પણ લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં વસાહત મંડળ દ્વારા આ બંધ પડેલા સરકારી દવાખાનાના મકાનમાં આયુર્વેદિક ઓપીડી શરૂ કરવાનો વિકલ્પ અપનાવવા માંગ કરવામાં આવી છે. દવાખાનાના મકાન તથા કમ્પાઉન્ડ વૉલ ખંડેર બની રહ્યાં હોવાની રજૂઆત સાથે તેનુ સમારકામ કરાવી આ જગ્યાનો આયુર્વેદિક ઓપીડી શરૂ કરવાથી તેનો સ્થાનિક વસાહતીઓને લાભ મળી શકે તે માટે તબીબી સેવાઓ વિભાગના અધિક નિયામકને પણ રજૂઆત કરવામાં આવી છે.

## રાજ્યમાં આગામી બે દિ'માં વરસાદ પડવાની સંભાવના

ગાંધીનગર,તા.૧૯

અરબી સમુદ્રમાં સર્જાયેલા લૉ પ્રેશરના કારણે રાજ્યમાં હજુ બે દિવસ વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. અમદાવાદમાં સતત બે દિવસના ઉકળાટ બાદ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. આજે સાંજે અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં મેઘરાજાએ આગમન કર્યું હતું. અમદાવાદ સહિત આજે સાંજે જુનાગઢમાં પણ વરસાદ પડ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ગઈકાલે અનેક સ્થળોએ ૪ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા લૉ પ્રેશરના કારણે વરસાદ પડી રહ્યો છે. રવિવારે રાત્રે રાજકોટ, મોરબી, બાબરા, ગોંડલમાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે મોરબી અને ભૂજમાં વીજળી પડતા ૧-૧ વ્યક્તિના મોત થયા હતા. કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં ૪ ઈંચ સુધીનો વરસાદ ખાબક્યો હતો. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં તારીખ ૨૦ ઓક્ટોબર સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આગાહી વચ્ચે ગઈકાલે રાજકોટ, ગોંડલ, મોરબી અને ખંભાળિયા, વલસાડ, જુનાગઢ, ઉપલેટા, વડોદરા, જેતપુર, ભાવનગર, સાબરકાંઠા, ખેડા, અરવલ્લી, બાબરા, માળિયા અને કચ્છ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો. કેટલાંક શહેરમાં ભારે ઉકળાટ બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જેને લઈને લોકોએ રાહતનો અનુભવ કર્યો હતો.હવામાન વિભાગ દ્વારા આગામી ૨ દિવસ સુધી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ થઈ શકે છે. વરસાદની આગાહીના પગલે તંત્ર અલર્ટ થયું છે. માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના અપાઈ છે.



નવરાત્રી દરમિયાન ગબ્બર બનાવવાની પ્રવૃત્તિ બાળકોને ખૂબ જ પ્રિય હોય છે. બાળકો પોતાની વિચારશકિત અને સર્જનાત્મક શકિતના આધારે ખૂબ જ સુંદર ગબ્બર બનાવે છે. બાળકોએ બનાવેલા ગબ્બર જોવાની અનેરી મજા છે. કોરોનાકાળમાં ગરબા બંધ છે ત્યારે બાળકો ગબ્બર બનાવવા જેવી પ્રવૃત્તિ કરી પોતાની રચનાત્મક શકિતને આકાર આપી રહ્યા છે.

# કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યો માટે ભાજપના દરવાજા બંધ : પાટીલ

### કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યા બાદ જે-તે નેતાએ ફરી લોકો સમક્ષ જઈને ચૂંટાઈને મેન્ડેટ લેવો જ પડશે

ગાંધીનગર,તા.૧૯

ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીને લઈને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ આજે કરજણની મુલાકાતે છે. જ્યાં ભાજપે કોંગ્રેસના ધારાસભ્યોને કરોડો રૂપિયામાં ખરીદ્યા છે? તેવા સવાલના જવાબમાં સી.આર પાટીલે જણાવ્યું કે, કોંગ્રેસ પાસે બીજો કોઈ મુદ્દો નથી તમે ચીમનભાઈ વખતે પણ બધાને ખરીદ્યા, શંકરસિંહવખતે પણ બધાને ખરીદ્યા એટલે ખરીદ વેચાણની સ્થિતી છે અને ટેવ પણ છે, તે કોંગ્રેસની છે. કોંગ્રેસના ધારાસભ્યોને ભાજપમાં આવ્યા બાદ ફરીથી લોકો સમક્ષ જવું પડશે અને લોકો મેન્ડેટ આપશે તો ફરી ચૂંટાશે.



પોતાના પદને જોખમમાં મુકીને પણ લોકહિતમાં કામ માટે પોતાની ફરજ બજાવી છે અને હવે કોંગ્રેસનાં ધારાસભ્યોને લેવામાં આવશે નહી અને લીધા છે, તે મારા આવતા પહેલા લીધા છે અને કોંગ્રેસને છોડીને આવ્યા છે. ધારાસભ્યએ પદ છોડ્યું છે અને ભાજપ સાથે જોડાયા બાદ તે ભાજપના કાર્યકર છે. સીઆર પાટીલે વધારેમાં જણાવ્યું કે, કરજણ બેઠક પર જે રીતે કાર્યકર્તાઓ કામે લાગ્યા છે. લોકો ઉત્સાહિત છે અને મતદારોમાં કરંટ છે.

રાજ્ય સરકારે કરેલા કામો અને કેન્દ્ર સરકારની યોજનાઓને કારણે લોકોને લાભ મળ્યો છે. આ બંન્ને વચ્ચે સમન્વય કરીને અમે લોકો વચ્ચે જઈ રહ્યા છીએ. કોંગ્રેસમાં જે પ્રકારે નારાજગી છે. સિટીંગ ધારાસભ્યો પણ પાર્ટી છોડી રહ્યા છે, જે કોંગ્રેસમાં વધેલા અવિશ્વાસ બતાવે છે. તેમની કેન્દ્ર અને રાજ્યની નેતાગીરી નિર્બળ અને અસમંજસની સ્થિતીમાં છે. લડવાની એમની માનસિકતા હવે બચી નથી. પક્ષપલટુઓનો મુદ્દો ભાજપને નડશે? તેવા સવાલનાં જવાબમાં તેમણે જણાવ્યું કે, આ મુદ્દો એટલા માટે નહી કે, તેઓ લોકહિત માટે ધારાસભ્ય પદ છોડ્યું છે. તે સાબિત કરે છે તેઓ લોકોના હિત માટે જ કામ કરે છે. કોંગ્રેસમાં જે થતું હતું કે, ગદ્દારી હતી. આ ગદ્દારી નથી.

પેટાચૂંટણી સંદર્ભે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ અને પ્રદર્શન સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા સહિત વિધાનસભા સીટના ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જ સંગઠનાત્મક પ્રવાસ કરશે. આજે કરજણ ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ અને પ્રદેશ ઉપાધ્યક્ષ ભાર્ગવભાઈ ભટ્ટ હાજર રહ્યા હતા. જ્યારે મોરબી અને લીંબડી ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા અને પૂર્વ મંત્રી શંકર ચૌધરી ઉપસ્થિત રહી ચૂંટણી વ્યવસ્થાપન અને સંગઠનાત્મક બાબતે માર્ગદર્શન આપશે.

# મુખ્યમંત્રી સાથેની બેઠક બાદ ગોવિંદ પરમારની નારાજગી દૂર

### અમૂલની ચૂંટણીમાં કરાયેલી ઉપેક્ષાથી નારાજ ધારાસભ્ય પરમારને મનાવવામાં ભાજપ મોવડી મંડળ સફળ રહ્યું

ગાંધીનગર,તા.૧૯

ઉમરેઠના ભાજપના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારે રવિવારે પાર્ટીથી નારાજ છે એટલે રાજીનામું આપવાની ચિમકી ઉચ્ચારી હતી. જેના કારણે જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો પરંતુ આજે સોમવારે પાર્ટીએ તેમને મનાવી લીધા છે. સીએમ વિજય રૂપાણી સાથેની બેઠક બાદ તેમણે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, મને કોઈનાથી તકલીફ નથી.

નોંધનીય છે કે, અમૂલની ચૂંટણીમાં અને ડેરીમાં સરકારના પ્રતિનિધિ નિમવામાં તેમની અવગણના કરાયાના આક્ષેપ કરીને રાજીનામું આપવાની ચિમકી ઉચ્ચારી હતી. ઉમરેઠના ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારે સીએમ વિજય રૂપાણી સાથેની બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે, મારે મંત્રી મંડળ કે સીએમ સાહેબ કે પાટીલ સાહેબ સાથે કોઈ તકલીફ હતી જ નહીં. સ્થાનિક પ્રશ્નો હતા તે પકંજભાઈ દેસાઈને જણાવીને ચર્ચા કરી છે. તેમણે કહ્યું છે કે, મારી વાત તેમને સાંબળી અને તેનું નિરાકરણ લાવવાનું નક્કી કર્યું છે. આ બાદ જ્યારે ગોવિંદ પરમારને પૂછવામાં આવ્યું કે, તમે ગઈકાલે કહ્યું હતું કે જાતીવાદ ચલાવવામાં આવે છે તો પક્ષમાં કેવો જાતિવાદ ચલાવવામાં આવે છે. ત્યારે તેના જવાબમાં તેમણે કહ્યું કે, એ બધી વાત મારે થઈ ગઈ છે.

નોંધનીય છે કે, અમૂલ ડેરી સંઘની ચૂંટણીમાં ગોવિંદ પરમાર ત્રણ વોટથી હારી ગયા હતા. જે માટે તેમને આણંદના સાંસદ મિતેષ પટેલ અને અન્ય સ્થાનિક ભાજપના સંગઠનને જવાબદાર ઠેરવ્યું છે. તેઓએ પોતાના વિરુદ્ધ કામ કરીને પોતાને હરાવ્યા હોવાનો આક્ષેપ તેમણે કર્યો છે. તેમજ ડેરીમાં સરકારના ત્રણ પ્રતિનિધિ નિમવામાં પણ સંકલન ન કરી અવગણના કરી હોવાનો આક્ષેપ કર્યો હતો.

આ અંગે તેમણે રાજ્યનાં મુખ્યમંત્રી, ભાજપ પ્રમુખ સહિતનાને રજૂઆત કરી હતી અને સંગઠન દ્વારા તેની સતત અવગણના થતા રાજીનામું આપવાની ચિમકી ઉચ્ચારી હતી. આ પહેલા પણ ગોવિંદ પરમાર રાજ્યસભા ચૂંટણી વખતે પણ પાર્ટી વિરુદ્ધ જવાના હતા. માતરના ધારાસભ્ય કેશરીસિંહ સોલંકીની સાથે તેઓ પણ ક્રોસ વોટિંગ કરીને ભરતસિંહ સોલંકીની તરફેણમાં મત નાંખવાના હતા. પરંતુ ભાજપના કેટલાક નેતાઓને આની જાણ થતા બન્ને ધારાસભ્યોને મનાવી લેવાયા હતા.

**ઈ-ટેન્ડરીંગ ટૂંકી જાહેર નિવિદા નં. ૮ સને ૨૦૨૦-૨૧**
**માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(ફક્ત વિજળીકરણના કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકરો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨ પાટનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬ દ્વારા વિજળીકરણને લગતા ૦૧ (એક) કામની અંદાજિત કિંમત રૂ. ૧,૩૨,૧૫૮.૫૦ છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજોનો વેબસાઈટ https://rnb.nprocure.com ઉપર તા. ૧૯-૧૦-૨૦૨૦થી જોવા મળશે અને તા. ૨૨-૧૦-૨૦૨૦ના ૧૬.૦૦ કલાક સુધી ડાઉનહોલ / અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી

**માહિતી/૧૧૩૫/૨૦૫૧**